# સ્ટાર પાવરથી બ્રૅન્ડ પાવર: સેલિબ્રિટીઝ અને બિઝનેસ



તાજેતરમાં મહાન ગાયિકા આશા ભોંસલે આપણને છોડીને જતાં રહ્યાં. આ એક ખૂબ જ આઘાતજનક સમાચાર હતા પરંતુ ખૂબ ઓછા લોકો જાણે છે કે તેઓ એક સફળ બિઝનેસ પણ ચલાવી રહ્યાં હતાં કારણ કે ભારત એક એવો દેશ છે જ્યાં ક્રિકેટ અને બોલિવૂડ માત્ર મનોરંજન પૂરતા મર્યાદિત નથી પરંતુ તે લોકોના જીવનનો અભિન્ન ભાગ છે. આ ક્ષેત્રોમાં સફળતા મેળવ્યા બાદ ઘણા સેલિબ્રિટીઓએ પોતાનાં નામ અને પ્રતિષ્ઠાનો ઉપયોગ કરીને મજબૂત બિઝનેસ સામ્રાજ્યો ઊભાં કર્યાં છે. ખાસ કરીને કેટલીક એવી હસ્તીઓ છે જેઓએ માત્ર રોકાણ નહીં પરંતુ પોતાની બ્રૅન્ડ્સને સંપૂર્ણપણે ઊભી કરી અને તેનું માલિકત્વ જાળવી રાખ્યું છે. તો ચાલો જોઈએ એવા અમુક સેલિબ્રિટીઝ જે એક સફળ બિઝનેસમેન પણ છે.

## ૧. આશા ભોસલે

આશા ભોસલે એક સફળ ઉદ્યોગસાહસિક પણ હતાં. તેઓએ 'Asha's' નામની રેસ્ટોરન્ટ ચેન શરૂ કરી હતી, જે દુબઈ, યુકે અને અન્ય દેશોમાં સફળતાપૂર્વક ચાલી રહી છે. આ બ્રૅન્ડ સંપૂર્ણપણે તેમનાં નામ અને તેમના ક્યુલિનરી વિઝન સાથે જોડાયેલી છે. આશા ભોસલેને રસોઈનો શોખ હતો અને તેમણે આ શોખને બિઝનેસમાં ફેરવ્યો. તેમના રેસ્ટોરન્ટ્સમાં ભારતીય ખોરાકને એક પ્રીમિયમ ટચ આપવામાં આવે છે. ખાસ કરીને તેમની વ્યક્તિગત રેસિપી અને ટેસ્ટિંગ સ્ટાન્ડર્ડ્સને ધ્યાનમાં રાખીને મેનુ તૈયાર કરવામાં આવે છે, જે ગ્રાહકોને એક અનોખો અનુભવ આપે છે. તેઓ ઘણી વાર પોતાની હાજરી અને માર્ગદર્શન દ્વારા બ્રૅન્ડની ગુણવત્તા જાળવી રાખતાં હતાં. તેમની સફળતા દર્શાવે છે કે પેશનને બિઝનેસમાં ફેરવવાથી લાંબા ગાળે સફળતા મેળવી શકાય છે. ઉપરાંત, આશા ભોસલેનો આ પ્રયત્ન એ પણ બતાવે છે કે એક સેલિબ્રિટી પોતાની ઓળખને એક બ્રૅન્ડ તરીકે કેવી રીતે વિકસાવી શકે. તેમણે પોતાના નામ પર વિશ્વાસ ઊભો કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય ખોરાકને નવી ઓળખ આપી છે.

## ૨. હૃતિક રોશન

હૃતિક રોશને 'HRX' નામની ફિટનેસ અને લાઇફસ્ટાઇલ બ્રૅન્ડ શરૂ કરી, જે સંપૂર્ણપણે તેમની માલિકી હેઠળ વિકસાવવામાં આવી છે. HRX આજે ભારતની સૌથી લોકપ્રિય ફિટનેસ બ્રૅન્ડ્સમાંની એક બની ગઈ છે અને ખાસ કરીને યુવાનોમાં તેનો મોટો પ્રભાવ છે. હૃતિકે પોતાની ફિટનેસ ઇમેજને બ્રૅન્ડ સાથે જોડીને એક મજબૂત માર્કેટ બનાવ્યું. HRX માત્ર કપડાં નહીં પરંતુ એક લાઇફસ્ટાઇલ મુવમેન્ટ બની ગયું છે, જે લોકોને ફિટ અને એક્ટિવ રહેવા માટે પ્રેરિત કરે છે. બ્રૅન્ડમાં સ્પોર્ટ્સવેર, એક્ટિવવેર અને એક્સેસરીઝ જેવી વિવિધ કેટેગરીઓ સામેલ છે, જે દૈનિક જીવનમાં ફિટનેસને સરળ બનાવે છે.
તેમની સ્ટ્રેટેજી એ બતાવે છે કે પર્સનલ બ્રૅન્ડિંગ અને બિઝનેસને કેવી રીતે જોડવું. ઉપરાંત, HRX ડિજિટલ પ્લેટફોર્મ્સ અને ફિટનેસ એપ્સ સાથે પણ



જોડાયેલું છે, જેના દ્વારા ગ્રાહકોને વર્કઆઉટ ગાઇડન્સ અને હેલ્થ ટિપ્સ આપવામાં આવે છે. હૃતિક રોશને પોતાના વ્યક્તિગત અનુભવ અને ડેડિકેશનને બ્રૅન્ડમાં રૂપાંતરિત કરીને એક એવી ઓળખ ઊભી કરી છે.

## ૩. વિરાટ કોહલી

વિરાટ કોહલીએ 'Wrogn' અને 'One8' જેવી બ્રૅન્ડ્સ શરૂ કરી છે, જેમાં તે માલિક હોવા ઉપરાંત બ્રૅન્ડનો મુખ્ય ચહેરો છે. Wrogn એક યુથ-સેન્ટ્રિક ફેશન બ્રૅન્ડ છે, જ્યારે One8 ફિટનેસ, પર્ફોર્મન્સ અને લાઇફસ્ટાઇલ પર આધારિત એક વ્યાપક બ્રૅન્ડ છે. વિરાટની આક્રમક અને સ્ટાઇલિશ ઇમેજને બ્રૅન્ડમાં ખૂબ જ સારી રીતે પ્રતિબિંબિત કરવામાં આવી છે. Wrogn ખાસ કરીને મોડર્ન અને બોલ્ડ ફેશન પસંદ કરનારા યુવાનોને ટાર્ગેટ કરે છે, જ્યારે One8 બ્રૅન્ડ ફિટનેસ, સ્પોર્ટ્સવેર અને હેલ્ધી લાઇફસ્ટાઇલને પ્રોત્સાહન આપે છે. આ બંને બ્રૅન્ડ્સે ટૂંકા સમયમાં જ ભારતીય માર્કેટમાં મજબૂત સ્થાન બનાવ્યું છે. તેમણે ડિજિટલ માર્કેટિંગ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સનો સારો ઉપયોગ કરીને બ્રૅન્ડની પહોંચ વધારી છે. તેમનાં સતત પર્ફોર્મન્સ, ફિટનેસ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને યુવાનોમાં લોકપ્રિયતા બ્રૅન્ડની વિશ્વસનીયતા વધારવામાં મદદ કરે છે.

**સલમાન ખાને 'Being Human' બ્રાન્ડ દ્વારા એ સાબિત કર્યું છે કે બિઝનેસ માત્ર નફો કમાવાનું સાધન નથી પરંતુ તે સમાજમાં સકારાત્મક બદલાવ લાવવાનું એક શક્તિશાળી માધ્યમ પણ બની શકે છે**

**માઇન્ડ યોર બિઝનેસ**

★ ડૉ. રિદ્ધીશ જોશી

## ૪. સલમાન ખાન

સલમાન ખાને 'Being Human' નામની બ્રૅન્ડ શરૂ કરી છે, જે કપડાં અને એક્સેસરીઝમાં કાર્યરત છે. આ બ્રૅન્ડની આવકનો મોટો ભાગ ચેરિટી માટે વપરાય છે, ખાસ કરીને શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રમાં જરૂરિયાતમંદ લોકોને મદદ કરવા માટે. સલમાન ખાને પોતાની લોકપ્રિયતાનો ઉપયોગ કરીને એક એવી બ્રૅન્ડ બનાવી છે જે બિઝનેસ સાથે સમાજસેવા પણ કરે છે. 'Being Human' આજે એક મજબૂત અને વિશ્વસનીય બ્રૅન્ડ બની ગઈ છે, જે ગ્રાહકોને માત્ર ફેશન નહીં પરંતુ એક સામાજિક હેતુ સાથે જોડે છે. બ્રૅન્ડના પ્રોડક્ટ્સ સરળ, કેઝ્યુઅલ અને યુવાનોને આકર્ષે એવા ડિઝાઇનમાં ઉપલબ્ધ છે. .

## ૫. સચિન તેંડુલકર

સચિન તેંડુલકર ક્રિકેટના ભગવાન તરીકે ઓળખાય છે પરંતુ નિવૃત્તિ પછી તેમણે બિઝનેસ ક્ષેત્રમાં પણ પોતાની હાજરી નોંધાવી છે. તેમણે 'True Blue' નામની ક્લોથિંગ બ્રૅન્ડ શરૂ કરી, જે ભારતીય સ્ટાઇલ અને પરંપરાને આધુનિક ફેશન સાથે જોડે છે. આ બ્રૅન્ડ ખાસ કરીને પુરુષો માટે ડિઝાઇન કરવામાં આવી છે અને તેની પોઝિશનિંગ 'ઇન્ડિયન કન્ટેમ્પરરી વેર' તરીકે કરવામાં આવી છે. ઉપરાંત, સચિન 'Sachin's' નામની રેસ્ટોરન્ટ સાથે પણ જોડાયેલા રહ્યા છે, જ્યાં ભારતીય અને આંતરરાષ્ટ્રીય ખોરાકનું અનોખું સંયોજન જોવા મળે છે. તેમણે સ્પોર્ટ્સ, ફિટનેસ અને ટેક્નોલોજી સ્ટાર્ટઅપ્સમાં પણ રોકાણ કર્યું છે, જે દર્શાવે છે કે તેઓ માત્ર બ્રૅન્ડ એમ્બેસેડર નહીં પરંતુ વ્યૂહાત્મક ઉદ્યોગસાહસિક પણ છે. તેમની બિઝનેસ ફિલોસોફી વિશ્વાસ, ગુણવત્તા અને લાંબા ગાળાના બ્રૅન્ડ બિલ્ડિંગ પર આધારિત છે.

## ૬. કેટરિના કૈફ

કેટરિના કૈફે 'Kay Beauty' નામની કોસ્મેટિક્સ બ્રૅન્ડ શરૂ કરી છે. આ બ્રૅન્ડ સંપૂર્ણપણે તેમના વિઝન અને બ્યૂટી ફિલોસોફી પર આધારિત છે, જેમાં 'રિયલ બ્યૂટી' અને 'ઇન્ક્લુઝિવ બ્યૂટી' પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. 'Kay Beauty'એ ટૂંકા સમયમાં જ ભારતીય માર્કેટમાં પોતાની મજબૂત ઓળખ બનાવી છે. કેટરિનાએ ગ્રાહકોની જરૂરિયાતોને ઊંડાણપૂર્વક સમજીને પ્રોડક્ટ્સ વિકસાવ્યાં છે, જેમ કે વિવિધ સ્કિન ટોન માટે યોગ્ય શેડ્સ અને દૈનિક ઉપયોગ માટે સરળ મેકઅપ પ્રોડક્ટ્સ. આ કારણે બ્રૅન્ડ ઝડપથી યુવાનો અને મહિલાઓમાં લોકપ્રિય બની ગઈ છે. ઉપરાંત, આ બ્રૅન્ડ ગુણવત્તા, એફોર્ડેબિલિટી અને ઇનોવેશન પર પણ ધ્યાન આપે છે, જે તેને સ્પર્ધાત્મક બજારમાં અલગ ઓળખ આપે છે. કેટરિના કૈફે પોતાની વ્યક્તિગત સ્ટાઇલ અને અનુભવને બ્રૅન્ડમાં પ્રતિબિંબિત કરીને એક એવી ઓળખ ઊભી કરી છે, જે માત્ર બ્યૂટી પ્રોડક્ટ્સ વેચતી નથી પરંતુ આત્મવિશ્વાસ અને સ્વાભાવિક સૌંદર્યને પ્રોત્સાહન આપે છે.

## ૭. મહેન્દ્ર સિંહ ધોની

મહેન્દ્ર સિંહ ધોનીએ 'SEVEN' નામની સ્પોર્ટ્સ અને લાઇફસ્ટાઇલ બ્રૅન્ડ શરૂ કરી છે. આ બ્રૅન્ડમાં તેઓ સંપૂર્ણપણે સંકળાયેલા છે અને તેનું પ્રમોશન પણ પોતે કરે છે. SEVENનો મુખ્ય ઉદ્દેશ ગુણવત્તાયુક્ત અને એફોર્ડેબલ સ્પોર્ટ્સવેર લોકોને ઉપલબ્ધ કરાવવાનો છે. SEVEN બ્રૅન્ડ સ્પોર્ટ્સ વેર, ફૂટવેર અને એક્સેસરીઝ બનાવે છે. ધોનીની સિમ્પલ, શાંત અને પ્રેક્ટિકલ ઇમેજ આ બ્રૅન્ડમાં સ્પષ્ટ રીતે પ્રતિબિંબિત થાય છે. બ્રૅન્ડના પ્રોડક્ટ્સ ખાસ કરીને એથ્લીટ્સ અને ફિટનેસ પ્રિય લોકો માટે ડિઝાઇન કરવામાં આવ્યા છે, જેથી તેઓ આરામદાયક અને કાર્યક્ષમ અનુભવ મેળવી શકે. ઉપરાંત, SEVEN બ્રૅન્ડમાં ધોનીની નેતૃત્વ ક્ષમતા અને ડીસિપ્લિન પણ જોવા મળે છે. આથી SEVEN માત્ર એક સ્પોર્ટ્સ બ્રૅન્ડ નહીં પરંતુ એક વિશ્વાસપૂર્ણ અને પ્રેરણાદાયક લાઇફસ્ટાઇલ બ્રૅન્ડ તરીકે ઉભરી આવી છે. આ ઉપરાંત અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન, અજય દેવગન, સુનીલ શેટ્ટી, જોન અબ્રાહમ, અક્ષય કુમાર, કપિલ દેવ, સૌરવ ગાંગુલી, યુવરાજ સિંહ વગેરે જેવા ઘણા સેલિબ્રિટીઝ સફળતાપૂર્વક બિઝનેસ કરી રહ્યા છે.